# રાજયભરમાં ૧૨મી જુનથી ત્રિદિવસીય પ્રવેશોત્સવ

**રાજ્યમાં જૂન-૨૦૨૩ના શરૂ થતા શૈક્ષણિક સત્રથી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ના અમલીકરણ માટે દરેક સરકારી પ્રાથમિક શાળામાં બાલવાટિકા શરૂ કરાશે : જૂન-૨૦૨૩ થી શરૂ થતા શૈક્ષણિક સત્રમાં અંદાજે ૯,૭૭,૫૧૩ વિદ્યાર્થીઓ બાલવાટિકામાં પ્રવેશ મેળવશે, અને ૨,૩૦,૦૧૯ વિદ્યાર્થીઓ ધોરણ-૧માં પ્રવેશ મેળવશે**

ગાંધીનગર, તા.૨૪

પ્રવકતા મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી વર્ષ-૨૦૦૩થી ગુજરાતમાં પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે શાળા પ્રવેશપાત્ર બાળકોનું નામાંકન વધારવા શરૂ થયેલા શાળા પ્રવેશોત્સવની ૧૮ મી શૃંખલા આગામી તા. ૧૨ થી ૧૪ જૂન-૨૦૨૩ દરમ્યાન યોજાશે. રાજયવ્યાપી શાળા પ્રવેશોત્સવનો શુભારંભ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સહિત મંત્રીમંડળના સભ્યો, સાંસદશ્રીઓ, ધારાસભ્યો, પદાધિકારીઓ તેમજ ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતિમાં થશે.

પ્રવકતા મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, ચાલુ વર્ષે યોજાનાર શાળા પ્રવોશોત્સવ કાર્યક્રમ અંગે આજે મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને મળેલી રાજ્ય મંત્રી મંડળની બેઠકમાં વિસ્તૃત ચર્ચા કરીને આખરી ઓપ અપાયો હતો. તેમણે જણાવ્યું હતું કે, આ વર્ષે રાજ્યભરના શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં શાળા પ્રવેશોત્સવ-૨૦૨૩નો કાર્યક્રમ તા. ૧૨-૧૩-૧૪, જૂન-૨૦૨૩ ના રોજ યોજવામાં આવશે. રાજય કક્ષાએથી મુખ્યમંત્રીશ્રી સહિત મંત્રીમંડળના તમામ મંત્રીશ્રીઓ, IAS, IPS, IFS કક્ષાના અધિકારીશ્રીઓ, સચિવાલયના અધિકારીશ્રીઓ આ પ્રવેશોત્સવ કાર્યક્રર્મમાં શાળાએ-શાળાએ જઈ બાળકોને પ્રવેશ અપાવશે. જૂન-૨૦૨૩ના શરૂ થતા ચાલું શૈક્ષણિક સત્રથી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ના અમલીકરણ માટે માટે દરેક સરકારી પ્રાથમિક શાળામાં બાલવાટિકા શરૂ કરવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે તેથી આ વર્ષે બાલવાટિકામાં પ્રવેશ પામનાર બાળકોનો પણ પ્રવેશોત્સવમાં સમાવેશ કરવામાં આવશે. ઉપરાંત દરવર્ષની જેમ આંગણવાડી અને ધોરણ-૧ માં પ્રવેશ પામતા બાળકોને પ્રવેશ આપવામાં આવશે. જે બાળકોની ઉંમર ૧ લી જૂનના રોજ ૫(પાંચ) વર્ષથી વધુ અને ૬(છ) વર્ષ કરતા ઓછી હશે તેને બાલવાટિકામાં પ્રવેશ આપવામાં આવશે, અને જે બાળકની ઉંમર ૧ લી જૂનના રોજ ૬(છ) વર્ષથી વધુ અને ૭(સાત) વર્ષ કરતા ઓછી હશે તેને ધોરણ-૧ માં પ્રવેશ આપવામાં આવશે.

જન્મ-મરણ નોંધણીના રજીસ્ટર પરથી મળેલા આંકડાઓ અનુસાર જૂન-૨૦૨૩ થી શરૂ થતા શૈક્ષણિક સત્રમાં અંદાજે ૯,૭૭,૫૧૩ વિદ્યાર્થીઓ બાલવાટિકામાં પ્રવેશ મેળવશે, અને ૨,૩૦,૦૧૯ વિદ્યાર્થીઓ ધોરણ-૧માં પ્રવેશ મેળવશે. રાજય કક્ષાએથી તથા જિલ્લા કક્ષાએથી ઉપસ્થિત રહેનાર મહાનુભાવો દિવસ દરમિયાન ત્રણ શાળાઓમાં પ્રવેશોત્સવ કાર્યક્રમમાં હાજરી આપશે. મહાનુભાવો દ્વારા શાળાઓની શૈક્ષણિક સિધ્ધિઓ, ભૌતિક સુવિધાઓ અન્ય ઉપલબ્ધિઓની શાળા વ્યવસ્થાપન સમિતિ સાથે બેસી સમીક્ષા કરવામાં આવશે.

## આજે મુખ્યમંત્રીનો 'સ્વાગત' કાર્યક્રમ

ગાંધીનગર, તા.૨૪

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ તા. ૨૫ મે-૨૦૨૩, ગુરૂવારે રાજ્ય સ્વાગત કાર્યક્રમમાં નાગરિકોની રજૂઆતો-પ્રશ્નો સાંભળશે. આ માટેના પ્રશ્નો સવારે ૯ થી ૧૧:૩૦ દરમિયાન રુબરૂમાં સ્વિકારવામાં આવશે. આ 'સ્વાગત' ઓનલાઈન જનફરિયાદ નિવારણનો રાજ્યકક્ષાનો કાર્યક્રમ દર મહિનાના ચોથા ગુરૂવારે યોજવામાં આવે છે.

તદઅનુસાર, તા. ૨૫ મે-૨૦૨૩, ગુરૂવારે મુખ્યમંત્રીશ્રી કાર્યાલયના જનસંપર્ક કક્ષ સ્વર્ણિમ સંકુલ-૨ ખાતે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ ઉપસ્થિત રહી પ્રજાજનોના પ્રશ્નો-સમસ્યાઓ સાંભળશે અને સંબંધિત સચિવો, અધિકારીઓ, વિભાગોના વડાઓને તેના સુચારૂ નિવારણ માટે માર્ગદર્શન આપશે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં તેમના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ દરમ્યાન ૨૦૦૩માં આ 'સ્ટેટ વાઈડ એટેન્શન ઓન ગ્રીવન્સીસ બાય એપ્લીકેશન ઓફ ટેકનોલોજી' સ્વાગત કાર્યક્રમની શરૂઆત કરાવી છે.

સ્વાગત કાર્યક્રમને ૨૦ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે તાજેતરમાં સ્વાગત સપ્તાહની રાજ્યવ્યાપી ઉજવણી કરવામાં આવી હતી. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ બે દાયકાથી કાર્યરત આ સુશાસન પ્રણાલીને વધુ લોકાભિમુખ બનાવી નાગરિકોના પ્રશ્નોના સુચારૂ નિવારણ માટે 'સ્વાગત' કાર્યક્રમને આવનારા દિવસોમાં વધુ અદ્યતન ટેક્નોલોજીથી સુદ્રઢ બનાવવા પ્રતિબદ્ધ છે.

## જમીન કૌભાંડના આક્ષેપો વિજય રૂપાણીએ નકાર્યા

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાની મૂલાસણા ગામે આવેલી જમીનનું કૌભાંડ રાજકીય રૂપ પકડી રહ્યું છે. કોંગ્રેસે આ કેસમાં પૂર્વ મુખ્યપ્રધાન વિજય રૂપાણીની સંડોવણીના આક્ષેપ લગાવ્યા બાદ વિજય રૂપાણી પણ સામે આવ્યા અને કોંગ્રેસના આરોપોને બાલીશ ગણાવ્યા છે. તેમણે દાવો કર્યો છે કે, લાંગાના કથિત પત્રને લઈને કોંગ્રેસ રાજકીય રોટલા શેકી રહી છે. વિજય રૂપાણીએ સ્પષ્ટતા કરી કે લાંગા સામે ફરિયાદો મળ્યા બાદ તપાસના આદેશ તેમણે જ આપ્યા હતા. જો કૌભાંડમાં તેમની સંડોવણી હોય તો શા માટે તેઓ ખૂદ તપાસ કરાવવા આદેશ કરે તેવી વાત કરી હતી.વિજય રૂપાણીએ એવી પણ સ્પષ્ટતા કરી છે કે પાંજરાપોળની જમીનનો કોઈ વિવાદ જ નથી. જે જમીનનો વિવાદ છે, તે કોઈ એક ખેડૂત પાસેથી લીઝ પર લીધેલી જમીનને લઈને છે. વિજય રૂપાણીએ કોંગ્રેસના આક્ષેપોને લઈને બદનક્ષીનો દાવો પણ કર્યો છે અને સાથે જ એવો પણ આરોપ લગાવ્યો કે, કોંગ્રેસ ભ્રષ્ટ અધિકારીઓને છાવરી રહી છે.

## એસટીમાં ડ્રાઈવર-કંડકટર અને મિકેનિકની ભરતી કરાશે

**આ વર્ષે એસ.ટીમાં ૨૧૦૦ બસ ડ્રાઈવર અને ૧૩૦૦ જેટલી કંડકટરની અને મિકેનિકની પણ ભરતી કરવામાં આવશે**

ગાંધીનગર, તા.૨૪

રાજ્યમાં એસટીમાં ડ્રાઈવર અને કંડકટર બનવા માંગતા ઉમેદવારો માટે મહત્વના સમાચાર સામે આવ્યા છે. ગુજરાત એસટી વિભાગમાં ડ્રાઈવર અને કંડકટરની ભરતી કરવામાં આવશે. એસ.ટી વિભાગ મિકેનિકની પણ ભરતી કરશે. આ માટેનું નોટિફિકેશન થોડાક દિવસોમાં જ બહાર પાડવામાં આવશે. રાજયનાં ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવીએ ટ્વિટ કરીને આ ભરતી અંગેની માહિતી આપી હતી. આ વર્ષે એસ.ટીમાં ૨૧૦૦ બસ ડ્રાઈવર અને ૧૩૦૦ જેટલી કંડકટરની ભરતી કરવામાં આવશે. આ ઉપરાંત મિકેનિકની પણ ભરતી કરવામાં આવશે. આ અંગેની જાહેરાત ટૂંક સમયમાં બહાર પાડવામાં આવશે.

ગુજરાત સરકારે એસટી વિભાગ ઉપરાંત અન્ય વિભાગોમાં ખાલી પડેલી જગ્યાઓ પર પણ ભરતી કરવાનો નિર્ણય કર્યો છે. સુત્રોમાંથી મળતી માહિતી મુજબ રાજયમાં આગામી દિવોસમાં અંદાજે ૬ હજાર જેટલી જગ્યાઓ પર ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ભરતી કરવામાં આવશે.



ઈન્દીરા બ્રિજથી મોટેરા નરેન્દ્ર મોદી સ્ટેડિયમ સુધી સાબરમતી રીવરફ્રન્ટનું કામ ચાલી રહેલ છે.

## નરેન્દ્ર મોદી મેડિકલ કોલેજને ૧૮૫ પીજી સીટની મંજૂરી મળી

**એમડી/એમએસના કોર્સનો પ્રારંભ વર્ષ ૨૦૧૫-૧૬થી કરાયો : એમબીબીએસના કોર્સની વર્ષ ૨૦૦૯થી ૧૫૦ સીટની મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા તરફથી મંજૂરી મળી હતી**

અમદાવાદ, તા.૨૪

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન મેડિકલ એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા સંચાલિત નરેન્દ્ર મોદી મેડિકલ કોલેજને વર્ષ ૨૦૨૩-૨૪માં કુલ ૧૮૫ પીજી સીટની મંજૂરી અપાઈ છે, જે સાત વર્ષના ટૂંકા ગાળામાં કોઈ મેડિકલ કોલેજને ૧૮૫ પીજી સીટની મંજૂરી મળી હોય તેનો આ એક રેકોર્ડ છે. નરેન્દ્ર મોદી મેડિકલ કોલેજ સંલગ્ન શેઠ એલજી જનરલ હોસ્પિટલ ૧૨૦૦ બેડ ધરાવતી હોસ્પિટલ છે, જ્યાં જુદા જુદા ડિપાર્ટમેન્ટની દરરોજની ઓપીડી કેજ્યુલિટીમાં આશરે ૩૫૦૦થી વધુ દર્દીને સારવાર આપવામાં આવે છે.

મેડિકલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત નરેન્દ્ર મોદી મેડિકલ કોલેજ વર્ષ ૨૦૦૯થી કાર્યરત છે. નરેન્દ્ર મોદી મેડિકલ કોલેજ ખાતે એમબીબીએસના કોર્સની વર્ષ ૨૦૦૯થી ૧૫૦ સીટની મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા તરફથી મંજૂરી મળી હતી. ત્યાર બાદ કોલેજ ઓથોરિટીના અથાગ પ્રયત્નોથી વર્ષ ૨૦૧૯-૨૦માં વધુ ૫૦ એમબીબીએસ સીટની મંજૂરી મળી હતી. અત્યારે એમબીબીએસના કોર્સની ૨૦૦ સીટની નેશનલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાની મંજૂરી મળી છે.

નરેન્દ્ર મોદી મેડિકલ કોલેજ ખાતે એમડી/એમએસના કોર્સનો પ્રારંભ વર્ષ ૨૦૧૫-૧૬થી કરાયો હતો, જેમાં વખતોવખત સીટનો વધારો થતાં વર્ષ ૨૦૨૩-૨૪માં કુલ ૧૮૫ પીજી સીટની મંજૂરી મળી હોવાનું મ્યુનિ. હોસ્પિટલ કમિટીના ચેરમેન પરેશ પટેલ વધુમાં જણાવે છે. વર્ષ ૨૦૧૨માં પેરામેડિકલ કોર્સમાં મેડિકલ લેબોરેટરી ટેકનિશિયનની ૩૦ સીટ તથા વર્ષ ૨૦૧૭માં રેડિયોગ્રાફી ટેકનિશિયનની ૨૦ સીટની શરૂઆત નરેન્દ્ર મોદી મેડિકલ કોલેજમાં કરાઈ હતી.

**મુખ્યમંત્રીના અધ્યક્ષસ્થાને મળેલી કેબિનેટ બેઠકમાં**

## અંગોના ટ્રાન્સપ્લાન્ટ સંદર્ભે મહત્વનો નિર્ણય

ગાંધીનગર, તા.૨૪

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસથાને મળેલી કેબિનેટ બેઠકમાં થયેલ ચર્ચા અને અગત્યના નિર્ણય સંદર્ભે પ્રવક્તા મંત્રીશ્રી ઋષિકેશ પટેલ એ જણાવ્યું કે, ગુજરાત સરકાર દ્વારા અંગોના ટ્રાન્સપ્લાન્ટ માટે મહત્વનો જનહિતલક્ષી નિર્ણય કર્યો છે. ગુજરાત સરકારની ૪.ર્ દ્ધ ગાઈડલાઈન મુજબ હવેથી અંગદાન થકી ખાનગી હોસ્પિટલમાં રીટ્રાઈવલ (શરીરમાંથી અંગો કાઢવાની પ્રક્રિયા) દરમિયાન પાંચ કેડેવરમાંથી મળતા અંગોમાંથી દર બીજા કેડેવરના તમામ અંગોની ફાળવણી અંગેની પ્રાથમિકતા સરકારી હોસ્પિટલમાં ટ્રાન્સપ્લાન્ટ માટે અપાશે.

હાલની પ્રક્રિયા પ્રમાણે મેડીસીટી કેમ્પસ સિવાયની અન્ય સરકારી રીટ્રાઈવલ હોસ્પિટલોમાંથી અવયવો પ્રાપ્ત થતા ૧, ૩ અને ૫ ક્રમાંકના અવયવો સરકારી હોસ્પિટલોમાં ફાળવવામાં આવે છે . જ્યારે ૨ અને ૪ ક્રમાંકના અવયવો ખાનગી હોસ્પિટલોને ફાળવવામાં આવે છે. જેના પરિણામે અત્યારસુધીમાં ખાનગી રીટ્રાઈવલ હોસ્પિટલોમાંથી અંગદાન થતા તેની ફાળવણી જનરલપુલમાં દર્દીઓને થતી.જેમાં ખાનગી અને સરકારી હોસ્પિટલોના દર્દીઓનો સમાવેશ થતો હતો . આ સમગ્ર પ્રક્રિયામાં સુધારો કરીને હવેથી ખાનગી રીટ્રીવલ હોસ્પિટલોમાંથી અંગદાન થતા ૧,૩ અને ૫ ક્રમાંકના અવયવો ખાનગી હોસ્પિટલોને જ્યારે ૨ અને ૪ ક્રમાંકના તમામ અવયવોના ટ્રાન્સપ્લાન્ટ માટેની પ્રાથમિકતા સરકારી હોસ્પિટલોમાં દાખલ દર્દી માટે આપવામાં આવશે. જેના પરિણામે અંગોના પ્રત્યારોપણમાં સરકારી અને ખાનગી હોસ્પિટલમાં સમગ્ર પ્રક્રિયાને લઈને સંતુલન જળવાઈ રહેશે તેમ મંત્રીશ્રીએ ઉમેર્યુ હતુ.

વધુમાં અંગોના પ્રત્યારોપણ માટે કેન્દ્ર સરકારની ગાઈડલાઈનને અનુસરીને રાજ્ય સરકારના જ્ી્ એકમ દ્વારા મહત્વનો નિર્ણય હાથ ધરાયો છે. જેમાં અંગોના પ્રત્યારોપણ માટેના રજીસ્ટ્રેશન માટે હવેથી ડોમાસાઈલ સર્ટીફિકેટની જરૂર રહેશે નહીં. વધુમાં આ રજીસ્ટ્રેશન માટે કોઈપણ પ્રકારની ફી લેવામાં આવશે.

અંગોના પ્રત્યારોપણ માટેના રજીસ્ટ્રેશનમાં હવેથી કોઈપણ ઉમરના વ્યક્તિ રજીસ્ટ્રેશન કરાવી શકશે. અંગદાન અને અંગોના ટ્રાન્સપ્લાન્ટ ક્ષેત્રે આ મહત્વના જનહિતલક્ષી નિર્ણયથી સમગ્ર પ્રક્રિયા ખૂબ જ સરળ, અસરકારક અને વધુ જન ઉપયોગી બની રહેશે તેમ પ્રવક્તા મંત્રીશ્રી ઋષિકેશ પટેલે ઉમેર્યુ હતુ.

## વિશ્વ પર્યાવરણ દિવસની રાજ્ય કક્ષાની ઉજવણી અંબાજી ખાતે કરાશે

**આગામી પાંચમી જુને વન કવચ થીમ આધારે ૧૦,૦૦૦ વૃક્ષારોપણ કરાશે : રાજ્યના ૮ પવિત્ર યાત્રાધામ સ્થળો પર વૃક્ષારોપણ કરાશે : ઓખા, પોશિત્રા, કાળુભાર, જામનગર અને નવલખી ખાતે ડોલ્ફિન શો યોજાશે**

ગાંધીનગર, તા.૨૪

પ્રવકતા મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું કે, ૫ જૂન-વિશ્વ પર્યાવરણ દિવસની રાજય કક્ષાની ઉજવણી 'વન કવચ' થીમ પર અંબાજી ખાતે કરાશે. કાર્યક્રમ દરમિયાન ૧૦,૦૦૦ જેટલા વૃક્ષો વવાશે અને ડ્રોન દ્વારા બીજની વાવણી સંદર્ભે પણ ખાસ કાર્યક્રમ યોજશે. મંત્રી શ્રી પટેલે ઉમેર્યું કે, આ ઉજવણીમાં અમદાવાદ, આણંદ, કચ્છ, જામનગર, દેવભૂમિ દ્વારકા, નવસારી, ભરૂચ, ભાવનગર, મોરબી, વલસાડ અને સુરત એમ ૧૧ જિલ્લાઓમાં સૈંજીૂ્ઁ કાર્યક્રમ હેઠળ મેન્ગ્રુવનું વાવેતર કરવામાં આવશે.

આ ઉપરાંત ગીર સોમનાથ, જૂનાગઢ, દેવભૂમિ દ્વારકા, નડિયાદ, પંચમહાલ, બનાસકાંઠા, ભાવનગર અને સાબરકાંઠાના ૮ જેટલા પવિત્ર યાત્રાધામ સ્થળોએ ખાસ ઝુંબેશ હાથ ધરી દરેક સ્થળે વૃક્ષારોપણ કરવાનું આયોજન છે. મંત્રી શ્રી પટેલે વધુમાં ઉમેર્યું કે, અમરેલી, અરવલ્લી, ગાંધીનગર, છોટાઉદેપુર, ડાંગ, તાપી, દાહોદ, નર્મદા, પાટણ, પોરબંદર, મહિસાગર, મહેસાણા, રાજકોટ, વડોદરા અને સુરેન્દ્રનગરની શાળાઓમાં પણ વિશેષ કાર્યક્રમો યોજાશે.

મંત્રી શ્રી પટેલે વધુમાં ઉમેર્યું કે, ઓખા, પોશિત્રા, કાળુભાર, જામનગર નવલખી એમ પાંચ અલગ-અલગ સ્થળોએ વિશેષ ડોલ્ફિન શોનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

આ ઉજવણી પ્રસંગે સંસદ સભ્યશ્રીઓ, ધારાસભ્યોઓ, સ્થાનિક મહાનુભાવો, વિવિધ દ્રર્ૈ, માછીમારો સહિત સ્વયંસેવકો સહભાગી થશે.

## RTE હેઠળ ખોટી રીતે પ્રવેશ મેળવેલ ૬૨૧ બાળકોનો પ્રવેશ રદ કરાયો

**ઓનલાઈન ફોર્મ ભરતા સમયે અને પ્રવેશ ફાળવતા સમયે એડમિટ કાર્ડમાં વાલી પાસેથી બાહેંધરી લેવામાં આવે છે**

ગાંધીનગર, તા.૨૪

પ્રવકતા મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે,જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓ પણ શિક્ષણ મેળવી શકે તે માટે રાઈટ ટુ એજ્યુકેશન હેઠળ શાળામા બાળકોને પ્રવેશ આપવામાં આવે છે. ગરીબ બાળકો સાથે અન્યાય ન થાય તે માટે RTE પ્રવેશ પ્રક્રિયામાં સંપૂર્ણ પારદર્શિતા સાથે પ્રવેશ આપવામાં આવ્યો છે. રાજ્યના ૧૦ જિલ્લામાં ખોટી રીતે પ્રવેશ મેળવેલ હોય તેવા ૬૨૧ બાળકોનો પ્રવેશ રદ કરાયો છે. પ્રવક્તા મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, RTE એકટ હેઠળ પોતાના બાળકનો પ્રવેશ સુનિશ્ચિત કરવા માટે રાજ્યના કેટલાક વાલીઓ દ્વારા બાળકના નામ અને સરનામાં વગેરેમાં સામાન્ય ફેરફાર કરી ઓનલાઈન ફોર્મ ભરી ગેરરીતી આચરવામાં આવતી હોવાનું સરકારને ધ્યાને આવ્યું હતુ. આવા પ્રવેશ ફાળવાયેલ બાળકોની SSA સંચાલિત ચાઈલ્ડ ટ્રેકિંગ સિસ્ટમમાં વિગતો મેળવી જિલ્લા કક્ષાએ પુનઃચકાસી તેમનો પ્રવેશ રદ કરવા રાજય કક્ષાએથી સૂચનાઓ આપવામાં આવી છે. આ સૂચનાઓને ધ્યાને લઈ ભરૂચ જિલ્લામાં ૩૩, છોટા ઉદેપુરમાં ૨૫, ગીર સોમનાથમાં ૨૪, જામનગર શહેરમાં ૧૫૯, ખેડામાં ૯૨, રાજકોટમાં ૧૬૧, સાબરકાંઠામાં ૧૦, વલસાડમાં ૧૪, સુરતમાં ૩૩ અને સુરેન્દ્રનગર જિલ્લામાં ૭૦ મળી રાજ્યમાં કુલ ૬૨૧ બાળકોનો પ્રવેશ રદ કરવામાં આવ્યો છે.

તેમણે ઉમેર્યું હતું કે, ચાલુ વર્ષે RTE પ્રવેશ પ્રક્રિયાના પ્રથમ રાઉન્ડમાં ૫૪,૯૦૩ જેટલા બાળકોને પ્રવેશ ફાળવવામાં આવ્યો છે. આ દરમિયાન ગત વર્ષે ધોરણ-૧માં અભ્યાસ કર્યો હોવા છતા આ વર્ષે RTE હેઠળ વાલીઓ દ્વારા ઓનલાઈન ફોર્મ ભરી પ્રવેશ મેળવ્યાની બાબત જિલ્લા તથા રાજ્ય કક્ષાએ ધ્યાનમાં આવી હતી, જે ઈ્ઈની જોગવાઈઓની વિરુદ્ધ છે.

વાલી દ્વારા RTE માટે ઓનલાઈન ફોર્મ ભરતા સમયે અને પ્રવેશ ફાળવતા સમયે એડમિટ કાર્ડમાં વાલી પાસેથી બાહેંધરી લેવામાં આવે છે કે, ''મારૂ બાળક શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩માં ધો-૧/ધો-૨માં કોઈપણ શાળામાં અભ્યાસ કરતું નથી, જેની હું મારી જાણ મુજબ ખાતરી આપું છું. જો માહિતી ખોટી ઠરશે તો RTE હેઠળનો પ્રવેશ રદ થવા પાત્ર રહેશે''. આ બાહેંધરી અનુસાર ગેરરીતીથી પ્રવેશ મેળવેલ બાળકનો પ્રવેશ રદ કરવામાં આવ્યો છે.

### બે કરોડ થઈ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અને ૪૭ હજારથી વધુ મિલ્કતધારકોએ વળતર યોજનાનો લાભ લીધો હતો.

આ વર્ષે આવકમાં ગત વર્ષની તુલનામાં ૩૮ હજારથી વધુ મિલ્કતધારકો દ્વારા મિલ્કતવેરો હજુ સુધીમાં ભરવામાં આવ્યો છે. આમ મિલ્કતવેરાની આવકમાં અને મિલ્કતધારકોની સંખ્યામાં પણ ગત વર્ષની તુલનામાં ઘટાડો જોવા મળ્યો છે.

મનપામાં આ વખતે રૂ. એક કરોડથી વધુ આવકની ઘટનાઓ બે વખત બની પણ મિલ્કતવેરો ભરનારાઓની સંખ્યામાં ઘટાડો જોવા મળ્યો છે તે એક હકીકત છે.

ગાંધીનગર મનપા દ્વારા ૧ એપ્રિલથી આ વળતર યોજના અમલમાં મુકવામાં આવી હતી પરંતુ સમયસર બિલો ઉપલબ્ધ ન થતાં વિતરણ વિલંબથી શરૂ થયુ હતુ અને તેને કારણે મિલ્કતવેરાની આવક ઓછી થઈ રહી હોવાનું પણ એક કારણ ચર્ચાનો મુદ્દો બનેલ છે.

### પલ્ટો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કોઈ આકરી ગરમીમાં સેકાઈ રહ્યા છે. જો કે હવામાન વિભાગે જણાવ્યુ છે કે આગામી ૨૬મી મે પછી ગરમીમાં ઘટાડો થશે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર હેઠળ ગરમીમાં ૨ થી ૪ ડિગ્રીનો ઘટાડો થઈ શકે છે.

જૂન મહિનાની શરૂઆતમાં પ્રિ-મોન્સન એક્ટીવીટી સક્રિય બનશે અને ત્યારબાદ આગ ઓકતી ગરમીમાં રાહત મળશે. જો કે જેમ જેમ ચોમાસુ નજીક આવશે તેમ તેમ બફારો વધી શકે છે.

### દબાણો હટાવાયા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દબાણનો પ્રશ્ન રખડતા ઢોર સમાન બની ગયો છે. તંત્ર દ્વારા પણ સમયાંતરે દબાણો દુર કરવા માટે ઝુંબેશ હાથ ધરવામાં આવે છે. જો કે અત્યાર સુધીની મોટાભાગની ઝુંબેશ નાટકીય પુરવાર થઈ છે. થોડા સમયમાં પુન : દબાણો યથાવત ગોઠવાઈ જાય છે. હવે તો સેકટરોના આંતરિક વિસ્તારમાં પણ લારી ગલ્લા સહીતના દબાણોની સંખ્યા વધી છે. જયારે સેકટરોના કોમન પ્લોટમાં એકબાજુ સરકારી જગ્યામાં તંત્ર દ્વારા ફેન્સીંગ કરવા માટે ઝુંબેશ હાથ ધરવામાં આવી છે ત્યારે કેટલાક ઠેકાણે સ્થાનિક રહીશોએ વ્યકિતગત રીતે ફેન્સીંગ કરાવી વર્ષોથી સરકારી જગ્યા પણ ફેન્સીંગના દબાણો ઉભા કરી દીધા છે. વર્ષોના અંતે પણ આ સમસ્યાનુ નિરાકરણ આવતુ નથી જેના લીધે રહેણાંક વિસ્તારમાં પણ પાર્કીગ સહીતની સમસ્યાઓ ઉદભવી છે. સેકટરોના એપ્રોચ પાસે પણ ઝુંપડાના દબાણો વધુ છે. તંત્ર દ્વારા અગાઉ સે-૬ માં દબાણ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી જયારે આજે અક્ષરધામ પાસે વર્ષોથી અસ્તિત્વ ધરાવતા ઝુંપડાના દબાણો દુર કરવા માટે સવારથી જ જે સી બી મશીન સાથે તંત્રની ટીમ ત્રાટકી હતી. માર્ગ મકાન વિભાગની જગ્યા પર સ્થિત દબાણો દુર કરવા માટે દબાણ મામલતદાર સહીત અધિકારીઓની ટીમ સ્થળ પર પહોંચી હતી જયારે ૩ જેટલા જે સી બી મશીન અને પોલીસ બન્દોબસ્ત સાથે દબાણો દુર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી દિવસના અંતે તંત્ર દ્વારા સ્થળ પરથી ૧૦૦ જેટલા ઝુંપડાના દબાણો દુર કરાયા હતા. સુત્રોમાંથી મળતી માહીતી અનુસાર આ દબાણો દુર કરવા માટે અગાઉ તંત્ર કક્ષાએથી નોટીસ પણ આપવામાં આવી હતી. આમછતા દબાણકર્તાઓએ સ્વેચ્છાએ દબાણો દુર ન કરતા આખરે આજે તંત્રએ દબાણો દુર કરવાની કામગીરી હાથ ધરી હતી. આ ઠેકાણે વર્ષોથી દબાણો અસ્તિત્વ ધરાવતા હોવાથી અગાઉ જિલ્લા કલેકટરની અધ્યક્ષતામાં મળેલી બેઠક દરમિયાન પણ દબાણો દુર કરવા માટે નિર્ણય લેવાયો હતો જયારે આજે આ જગ્યાને દબાણ મુક્ત કરી મેદાનને ખુલ્લુ કરી દેવાયુ છે.

### બહિષ્કાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

મલ્લિકાઅર્જુન ખડગે સહિત અનેક વિપક્ષી દળોએ મોરચો ખોલ્યો હતો. હવે ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વ હેઠળની શિવસેના, કોંગ્રેસ, આપ, એનસીપી, સીપીઆઈ, સીપીએમ, એઆઈએમઆઈએમ, આરજેડી અને જેડીયુએ પણ આ કાર્યક્રમનો બહિષ્કાર કરવાની જાહેરાત કરી દીધી છે. બંગાળની સત્તાધારી પાર્ટી ટીએમસી અને તમિલનાડુની ડીએમકે પણ આ કાર્યક્રમમાં હાજરી નહીં આપે.

### સન્માન કરશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગૃહમંત્રી અમિત શાહે આ દરમિયાન સેંગોલનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું કે સેંગોલનું આપણા ઈતિહાસમાં મહત્ત્વપૂર્ણ યોગદાન રહ્યું છે. આપણા પૂર્વ વડાપ્રધાન જવાહરલાલ નહેરુએ પણ સેંગોલને સ્વીકાર્યું હતું. સેંગોલ અંગ્રેજોથી સત્તા મળવાનું પ્રતીક છે.

અમિત શાહે કહ્યું કે, ઉદ્ઘાટન સમારોહમાં એક ઐતિહાસિક પરંપરાને પુનર્જીવિત કરવામાં આવશે, જેની પાછળ યુગોથી જોડાયેલી પરંપરા છે. તેણે કહ્યું કે તેને તમિલમાં સેંગોલ કહેવામાં આવે છે જેનો શાબ્દિક અર્થ થાય છે સંપત્તિથી સંપન્ન. તેમણે કહ્યું કે, ૧૪ ઓગસ્ટ, ૧૯૪૭ના રોજ એક અનોખી ઘટના બની હતી. આજે ૭૫ વર્ષ બાદ દેશના મોટાભાગના નાગરિકો આ વાતથી વાકેફ નથી. સેંગોલે આપણા ઈતિહાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. આ સેંગોલ સત્તાના સ્થાનાંતરણનું પ્રતીક બની ગયું. આ અંગેની માહિતી જયારે પીએમ મોદીને મળી તો તેની સંપૂર્ણ તપાસ કરાવી હતી. આ તપાસ બાદ નક્કી થયું કે તેને દેશ સમક્ષ મુકવામાં આવે. આ માટે નવા સંસદ ભવનનાં ઉદ્ઘાટનનો દિવસ પસંદ કરવામાં આવ્યો હતો.